# તાજપુર પાસે ટ્રિપલ અકસ્માત

પ્રાંતિજ, તા. ૧૯

પ્રાંતિજના તાજપુર પાટીયા પાસે વહેલી સવારે ટ્રિપલ અકસ્માત થતા મુસાફરી કરી રહેલ ૧૩ને ઈજાઓ થઈ હતી જેથી તમામને ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાંતિજના તાજપુર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ચોકડી ઉપર ઈડરથી અમદાવાદ જતી ઈકો ગાડી નંબર જીજે૦૯. બીડી. ૩૫૦૭નો ચાલક ફુલફાસ્ટ હંકારી લાવીને કરોલીથી તાજપુર જતી અલ્ટો કાર નંબર જીજે૯એબી.૪૨૯૬ સાથે ધડાકા સાથે અકસ્માત કરી બન્ને ગાડીઓ સર્કલ છોડી બાજુના રોડ ઉપર જઈ ચડતા અમદાવાદ તરફથી આવતી હોન્ડાની કંપનીની મોબીલીયો કાર નંબર - જીજે-૦૧.આરજી. ૨૨૯૬ને બન્ને ગાડી ટકરાતા ત્રણેય ગાડીઓનો આગળનો ભાગ કુચડો થઈ ગયો હતો અને ત્રણેય ગાડીઓમાં મુસાફરી કરી રહેલા ૧૩ને શરીરે માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમણે ૧૦૮ મારફતે પહેલા પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા અને જ્યાંથી નવને વધુ સારવાર અર્થે હિંમતનગર અને ચારની હાલત ગંભીર હોવાથી તેમને વધુ સારવાર અર્થે અમદાવાદ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

## ગાંભોઈમાં બાઈકે ટક્કર મારતા એકનું મોત

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ગાંભોઈ પાસેથી ગત તા.૧૭ જૂનના રોજ બાઈક નં.જીજે.૦૯. સીજે. ૮૬૪૦ના ચાલક મહેશસિંહ રજુસિંહ ઝાલા (રહે.બોડી, તા.મોડાસા) એ ગફલત ભરી રીતે ડ્રાઈવીંગ કરી દિલીપસિંહ નારણસિંહ જોધ્ધાને ટક્કર મારતા તેમનું ગંભીર ઈજાને કારણે મોત નિપજયુ હતું. જે અંગે રાયગઢના મોન્ટુસિંહ દિલીપસિંહ જોધ્ધાએ બાઈક ચાલક મહેશસિંહ ઝાલા વિરૂધ્ધ શનિવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## માળીના છાપરીયામાં આવેલ મકાનમાં ચોરી

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના માળીના છાપરીયામાં રહેતા સાયરાબેન મહેમુદખાન પઠાણના મકાનમાં શનિવારે રાત્રે એક શખ્સેપ્રવેશ કરી પતરાની પેટીમાં મુકેલ રૂા.૩હજાર રોકડ તથા રૂા.૧ હજારના ચાંદીના કડા મળી રૂા.૪ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે શંકાને આધારે સાયરાબેન પઠાણે આ વિસ્તારમાં રહેતા હીરાબેન લક્ષ્મણભાઈ ભીલ વિરૂધ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ખેરાઈઢુંઢા ગામે માતાએ બાળકી સાથે અગ્નિસ્નાન કર્યું

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ખેરાઈઢુંઢા (ડામોર ઢુંઢા) ગામની ૩૭ વર્ષીય પરિણીતાએ સાસરીયાના ત્રાસથી તેની ચાર વર્ષની પુત્રી સાથે અગનપીછોડી ઓઢી લેતા માતા અને પુત્રીનું મોત થતા સમગ્ર પંથકમાં ચકચારી મચી જવા પામી છે. રાજસ્થાનના દેવગામના રહીશ લક્ષ્મણભાઈ રૂમાલભાઈ ડામોરની બેન નંદાબેનના લગ્ન આસરે ૨૦ એક વર્ષ અગાઉ સમાજના રીતરીવાજ મુજબ ડામોરઢુંઢા ગામના રહીશ ડાહ્યાભાઈ ડામોરની સાથેથયેલા હતા અને નંદાબેનને સંતાનમાં ત્રણ દીકરીઓ હતી અને સંતાનમાં પુત્ર ન હોઈ આ નંદાબેન સાથે તેના પતિ દ્વારા તને કેમ દીકરો થતો નથી તેવું કહી તેની સાથે શારીરિક અને માનસીક ત્રાસ આપવામાં આવતો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ અને કેન્દ્રીય સુરક્ષા રાજ્ય મંત્રી રાવ ઈન્દરજીતસિંહે ગઈકાલે રાજભવન, ગાંધીનગર ખાતે રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# મોદી સરકારે મનરેગામાં વેતન ઘટાડો કરીને ગરીબ શ્રમિકોને નુકશાન કર્યુ છે : મનીષ દોશી

ગાંધીનગર, તા. ૧૯

કોંગ્રેસ શાસનમાં મનરેગા યોજનામાં વેતનવૃદ્ધિ ૯ ટકા હતી જેમાં કાપ મુકીને મોદી સરકારે વેતન ઘટાડો રોજગાર દિન ઘટાડો રોજગારી પુરી પાડવામાં આવતા પરીવારોમાં ઘટાડો કરીને ગરીબ શ્રમિકોને મોટા પાયે નુકસાન કર્યું હોવાનો આક્ષેપ કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા મનીષ દોશીએ કર્યો છે.

મોદી સરકાર પર આકરા પ્રહારો કરતા પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું હતું કે સર્વશ્રેષ્ઠ અને ક્રાંતિકારી સન્માન સાથે રોજગાર આપતી ઐતિહાસિક મનરેગા યોજનામાં કેન્દ્રની મોદી સરકાર નાણા ફાળવણીમાં ઘટાડો કરી રહી છે. પરીણામે ગ્રામ્ય વિસ્તારથી શહેરી વિસ્તાર તરફ સ્થળાંતરમાં વધારો થયો છે. સ્થાનિક કક્ષાએ અનેક સમસ્યાઓ ઉભી થઈ છે અને ગ્રામ્ય અર્થતંત્ર ઉપર ગંભીર અસર થવાની વિગતો જાહેર કરતાં મનીષ દોશીએ જણાવ્યું હતું કે કેન્દ્રની તત્કાલીન વડાપ્રધાન ડૉ. મનમોહનસિંઘ અને યુપીએ ચેરપર્સન શ્રીમતી સોનીયા ગાંધીએ દેશમાં ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક રોજગારી માટે ૧૦૦ દિવસની રોજગારીની બાંહેધરી આપતા મનરેગા યોજના કાયદા સ્વરૂપે લાગુ કરી પરીણામે ગ્રામ્ય વિસ્તારથી શહેરી વિસ્તાર તરફના સ્થળાંતરમાં ઘટાડો થયો. કેન્દ્રની મોદી સરકારે સત્તામાં આવતાની સાથે જે મનરેગા યોજના હેઠળ નાણાની ફાળવણીમાં મોટાપાયે ઘટાડો કર્યો મોદી સરકારના બે વર્ષની વિગતો તપાસતા ૧૦૦ દિવસના રોજગારને બદલે ૫૦ દિવસ પણ રોજગારી આપવામાં આવી નથી. કોંગ્રેસ સરકારના શાસનમાં ૨૦૧૨ થી ૨૦૧૪ સુધીમાં સમગ્ર દેશમાં ૯૮,૪૨,૮૩૪ પરીવારોને ૧૦૦ દિવસ રોજગાર આપવામાં આવતો જ્યારે મોદી શાસનમાં બે વર્ષમાં ૭૩ લાખ પરીવારોને જ માત્ર ૩૫ થી ૪૦ દિવસ રોજગાર આપવામાં આવ્યો.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગઈકાલે રાત્રે રાજભવન, ગાંધીનગર ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી રાજનાથસિંહની શુભેચ્છા મુલાકાત લીધી હતી તે વેળાએ રાજ્યના શ્રમ-રોજગાર મંત્રી વિજયભાઈ રૂપાણી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## મહેસાણા જિલ્લા કક્ષાનો વિશ્વ યોગ દિવસ કાર્યક્રમ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે

મહેસાણા, તા. ૧૯

મહેસાણા જિલ્લામાં ૨૧ જુન, ૨૦૧૬ના રોજ જિલ્લામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ સહિત જીલ્લા, તાલુકા અને નગર સ્તરે વિશ્વ યોગ દિવસની ઉજવણી થનાર છે. આ ઉપરાંત જિલ્લામાં તાના-રીરી ગાર્ડન, મોઢેરા, સૂર્યમંદિર, તારંગા હિલ સ્થળોએ પણ વિશ્વ યોગ દિવસની ઉજવણી થનાર છે.

મહેસાણા જિલ્લાનો મુખ્ય કાર્યક્રમ ૨૧ જુન, ૨૦૧૬ના રોજ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સવારે ૬.૩૦ કલાકેથી યોજાવાનો છે. જિલ્લા કલેક્ટર આલોક કુમારે શુક્રવાર સાંજે પોલીસ પરેડ ગ્રાઉન્ડની મુલાકાત લીધી હતી. પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં યોગ શિબીરાર્થીઓની સંખ્યા, મેદાનની કેપીસીટી, મેદાનના સ્થળે પાણી અને આરોગ્ય કીટની વ્યવસ્થા સહિત તમામ બાબતોનું નીરીક્ષણ કરી સુચનો કર્યા હતા.

જિલ્લા કલેક્ટર આલોક કુમારે વિશ્વ યોગ દિવસમાં યોગ શિબીરાર્થીઓને મુશ્કેલી ન પડે તે માટેની વ્યવસ્થા જોવા ખાસ અધિકારીઓને સુચના આપી હતી.

## ગાંધીનગર ખાતે ભારતીય દલિત સાહિત્ય અકાદમીનું દ્વિતિય રાષ્ટ્રીય મહાઅધિવેશન યોજાયું

ગાંધીનગર, તા. ૧૯

ભારતીય દલિત સાહિત્ય અકાદમી, ગુજરાત પ્રદેશ દ્વારા ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે દ્વિતિય રાષ્ટ્રીય મહાઅધિવેશન અને વિવિધ ક્ષેત્રેમાં યોગદાન આપનાર સાહિત્યકારો, પત્રકારો, સમાજસેવકો તેમજ તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ આજરોજ ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન, સેકટર-૧૨ ખાતે યોજાયો હતો. આ સમારંભના અધ્યક્ષ સ્થાને ભારતીય દલિત સાહિત્ય અકાદમીના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી ડૉ. સોહનપાલ સુમનાક્ષર ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે દિલ્હીના નેશનલ જોઈન્ટ સેક્રેટરી જય સુમનાક્ષર, મહારાષ્ટ્રના પૂર્વ સમાજિક ન્યાય મંત્રી બબનરાવ ધોલક વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમજ અતિથિ વિશેષે પદે ગુજરાત અનુ.જાતિ અતિ પછાત વિકાસ નિગમના એમ.ડી પી.બી.શ્રીમાળી અને ઝાંઝરકાના સવગુણ મંદિરના ચતુરદાસ ટુંડીયા ઉપસ્થિત રહ્યાં હતાં.

## રાજનાથસિહ બનાસકાંઠા મુલાકાતે...જવાનો સહીત શહીદોને બિરદાવ્યા

આજે કેન્દ્રીય ગૃહ મંત્રી રાજનાથસિહ બનાસકાંઠા ના એક દિવસીય મહેમાન બન્યા હતા તેમજ સુરત ની શ્રી રામ કૃષ્ણ ફાઉન્ડેશન દ્વારા ૧૦ હજાર ગોગલ્સ સહીત મેડીકલ કીટ અને એમ્બ્યુલન્સ જવાનો ને અર્પણ કરાઈ હતી આ પ્રસંગે છેલા ૨૨ વર્ષી થી શહીદો ને ખાસ યાદ કરી સન્માનિત કરાયા હતા તેમજ તેમજ ૨૦ જેટલા જવાનો ને ૫૧ હજાર સહીત ઈન્દ્ર ધનુષ સન્માન થી સન્માનિત કરાયા હતા। આ પ્રસંગે રાજનાથ સિહે જણાવ્યું હતું કે આજે આતંકવાદ કે કોઈ દેશ કે પ્રદેશ ની નહિ પણ વૈશ્વિક સમસ્યા છે જેને ઈસ્લામિક રાષ્ટ્રો પણ આતંકવાદ ને નાબુદ કરવા ઈચ્છે છે। આ પ્રસંગે ગૃહ રાજ્ય પ્રધાન હરિભાઈ ચૌધરી,રાજ્ય આરોગ્ય પ્રધાન શંકર ભાઈ ચૌધરી સહીત ભાજપ પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણી સહીત મોટી સંખ્યા માં જવાનો ખાસ હાજર રહ્યા હતા.

# રાજ્યસ્તરના યોગ કાર્યક્રમમાં યુવાનો મોટી સંખ્યામાં ઉમટશે

## મુખ્યમંત્રી આનંદીબેન અને રાજ્યપાલ કોહલી ઉપસ્થિત રહેશે

અમદાવાદ, તા.૧૯

૨૧મી જૂનના દિવસે દેશભરમાં યોગા દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. આંતરરાષ્ટ્રીય યોગા દિવસને શાનદારરીતે મનાવવા ગુજરાત સરકારે પણ તમામ તૈયારી કરી લીધી છે.

અમદાવાદમાં યુનિવર્સિટી વિસ્તારમાં આવેલા જીએમડીસી ગ્રાઉન્ડમાં યોગા દિવસે વિશાળ માનવ સાંકળ રચવામાં આવનાર છે જેમાં ૮૦૦૦થી વધુ લોકો એકત્રિત થઈ શકે છે. રાજ્ય સ્તરની યોગા દિવસની ઉજવણી આ મેદાનમાં જ યોજાનાર છે જ્યાં ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને રાજ્યપાલ ઓપી કોહલી પણ ઉપસ્થિત રહી શકે છે. પ્રાપ્ત માહિતી મુજબ ૭૦૦૦૦થી વધુ લોકો યોગામાં ભાગ લે તેવી શક્યતા છે. રાજ્યના શિક્ષણમંત્રી અને આ કાર્યક્રમના સંકલનકાર ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું છે કે, ગયા વર્ષે ૧.૦૯ કરોડ લોકોએ યોગાદિવસમાં ભાગ લીધો હતો. આ વર્ષે રાજ્યભરમાં ૪૦૦૦૦થી વધુ જગ્યા પર ૧.૨૫ કરોડ લોકો ભાગ લેનાર છે. ગિરનાર, મોઢેરામાં સૂર્યમંદિર, કંડાણા બંધ, જામનગરમાં લખોટા સરોવર ખાતે પણ કાર્યક્રમ યોજનાર છે. અમદાવાદના જીએમડીસી ગાઉન્ડ ખાતે યોગ દિવસના કાર્યક્રમમાં જુદી જુદી સ્કૂલોના વિદ્યાર્થીઓ પણ ભાગ લેનાર છે. સ્કૂલોમાં છેલ્લા કેટલાક દિવસથી જોરદાર તૈયારીઓ ચાલી રહી છે.

## ચિલોડા ખાતે મુખ્યમંત્રી અમૃતમ 'મા' વાત્સલ્ય યોજના કાર્ડ કઢાવવા ભારે ધસારો

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા ગ્રામ પંચાયતના હોલમાં મુખ્યમંત્રી અમૃતમ 'મા' યોજના અને અમૃતમ 'મા' વાત્સલ્ય યોજના અંતર્ગત ગામડાના લોકોને આ યોજનાનો લાભ ઘર આંગણે મળે તેવા હેતુસર રૂ. ૧,૨૦ લાખથી ઓછી આવક ધરાવતા કુટુંબના સભ્યને આ કાર્ડનો લાભ મળશે ત્યારે ચિલોડા ગામે આ યોજનાનો લાભ મળે તેવા હેતુસર કાર્ડ કઢાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી ત્યારે આ કાર્ડ કઢાવવા જરૂરી પુરાવા રેશનીંગ કાર્ડ, આધાર કાર્ડ અને આવકનો દાખલા સહિત સાથે ગ્રામજનો ઉમટી પડયા હતા. આમ ગ્રામજનોએ વધુ દિવસ કામગીરી ચાલુ રહે તેવી માંગ કરી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## વિરોધ કર્યો નથી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

રાખનાર ૪૮ દેશોના ગ્રુપમાં ભારતની એન્ટ્રીનો ચીન દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. કેટલાક સૂત્રોના કહેવા મુજબ ચીન એનએસજીમાં ભારતની એન્ટ્રીને રોકવા માટે બનતા તમામ પ્રયાસ કરી રહ્યું છે. ચીન ક્ષેત્રીય સ્તરે વ્યૂહાત્મક સમીકરણોને સુધારવાના પ્રયાસમાં છે. કેટલાક નિષ્ણાતો એમ પણ માને છે કે, ભારતની જેમ જ તેમના નજીકના મિત્ર પાકિસ્તાનને પણ કોઈરીતે એનએસજીમાં સામેલ કરી લેવામાં આવે તેવી ઈચ્છા ચીનની રહેલી છે. સુષ્મા સ્વરાજે આશા વ્યક્ત કરતા કહ્યું હતું કે, આ વર્ષના અંત સુધી ભારતને એનએસજીની મેમ્બરશીપ મળી જશે. ભારત દક્ષિણ ચીન દરિયા વિવાદને શાંતિપૂર્ણરીતે ઉકેલવા માંગે છે.

## ખાડા ખોદાયા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દ્વારા લાંબા સમયથી ઉદાસીનતા દાખવવામાં આવતા શહેરના મુખ્યમાર્ગો આસપાસ વોક વે પર ગાબડા જોવા મળી રહયા છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા રૂ ૧૫ લાખના ખર્ચે સમારકામ પણ હાથ ધરવામાં આવ્યુ હતુ પરંતુ હજુ પણ ઘણાં ઠેકાણે આ સ્થિતિ યથાવત છે. સ્માર્ટ સિટી અંતર્ગત શહેરમાં વિવિધ ઠેકાણે કેબલ નાંખવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે ફુટપાથ પર બિન્દાસ્ત રીતે ખાડા ખોદવામાં આવે છે. જેના અંતે કોઈ સમારકામ પણ ન થતા સિનિયર સિટીઝન્સ તેમજ મોર્નિંગમાં વોક કરનારાઓ ઘણીવાર અકસ્માતનો પણ ભોગ બને છે. તંત્ર દ્વારા આ સ્થિતિને નિવારવા માટે ફુટપાથના ગાબડા પુરવા માટે વધુ ખર્ચની મંજુરી માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવશે.

## અતીતની આજ ● ૪ પાનાનું ચાલુ...

પ્રખર હિમાયતી હતા. તેમના મતે, ભારતની ગુલામી અને ગરીબી નશાખોરીના કારણે હતી અને તેથી જ તેઓ કહેતા કે મને જો એક દિવસ માટે પણ ભારતનો સરમુખત્યાર બનાવવામાં આવે તો હું સૌથી પહેલું કામ દારૂની તમામ દુકાનો વળતર ચુકવ્યા સિવાય બંધ કરાવું.''

ગુજરાતમાં તાજેતરના દિવસોમાં બે ઘટનાઓ ખૂબ ચર્ચાસ્પદ બની છે: ઓબીસી મંચ કે ઠાકોર સેનાના નેતા અલ્પેશ ઠાકોરે દારૂના અડ્ડાઓની જિલ્લાવાર યાદીઓ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને સુપરત કરવા ઉપરાંત પોતાના કાર્યકરો પોલીસને સાથે લઈને આવા ગેરકાયદે દારૂના અડ્ડાઓ પર રેઈડ ચલાવે છે. બીજું , વિધાનસભામાં વિપક્ષા નેતા રહેલા અને કૉંગ્રેસ પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાના પુત્ર મિત્રો સાથે દારૂની પાર્ટીમાં સામેલ થયાનો પોલીસ કેસ થતાં મોઢવાડિયા અને મુખ્યમંત્રી વચ્ચે રીતસરનું વાક્‌યુદ્ધ થયું હતું. રાજ્ય સરકાર એક બાજુ ''રાજ્યના વતનીઓને પોતાનું આરોગ્ય જાળવવા અથવા નિભાવવા માટે ભારતીય બનાવટનો વિદેશી દારૂ કબજામાં રાખી અંગત વપરાશ માટેની'' પરમિટ નિયમ ૬૪ હેઠળ આપે છે, અને બીજી બાજુ, પોલીસ કેસ કરી રાજકીય વિવાદ પણ સર્જે છે. બિહારમાં નીતીશ કુમાર સરકારે એકાએક દારૂબંધી અમલી બનાવી દીધી છે અને આગામી લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાનપદના વિપક્ષી ઉમેદવાર તરીકે દારૂનું સેવન નહીં કરનારા નીતીશ કુમાર સમગ્ર દેશમાં દારૂબંધીના અમલના મુદ્દાને લઈને આગળ વધવાનાં એંધાણ મળે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ દારૂનું સેવન કરતા નથી અને ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે દારૂબંધી હળવી કરવાની બાબતમાં વાસ્તવવાદી પગલાં લેવાથી વિશેષ કાર્યવાહી કરી શક્યા નહોતા, પરંતુ તેમના પક્ષની સરકારો જ્યાં છે તે મહારાષ્ટ્ર અને હરિયાણા કે રાજસ્થાન કે પછી મધ્યપ્રદેશમાં એ દારૂબંધીનો અમલ કરાવી શકવાની સ્થિતિમાં નથી. આંધ્ર, તમિલનાડુ અને કેરળમાં દારૂબંધી લાગુ કરવાની દિશામાં લોકચળવળોને પગલે સરકાર નિર્ણય કરે છે અને પછીથી બદલે પણ છે. કેટલાંક રાજયોમાં દારૂબંધી દાખલ કરીને અને ઊઠાવી લેવાના સંજોગો પણ ભારતમાં જોવા મળ્યા છે. જોકે મહિલા ચળવળોએ દારૂબંધીનો આગ્રહ સેવવા માંડ્યો હોવાથી આવતી લોકસભા ચૂંટણીમાં એ મુદ્દો જરૂર બનશે, ત્યારે વડા પ્રધાન મોદીના ગૃહરાજ્યની સરકાર માટે પણ દારૂબંધીનો પ્રશ્ન સંવેદનશીલ બની રહેવાનો એવા સંજોગો જોતાં ભૂતકાળમાં તો વિધાનસભામાં વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ગાંધીવાદીઓ અને 'સેવા' સંગઠનના સહયોગમાં દારૂબંધી હળવી કરવાના મોદી સરકારના નિર્ણય સામે વિરોધ દર્શાવવા માટે ઉપવાસ પણ કર્યા હતા. આ મુદ્દો વર્તમાન મુખ્યમંત્રી આનંદીબહેનની સરકારને પણ આવતી ચૂંટણીમાં ભીંસમાં લઈ શકે છે.

# જિલ્લામાં જળસંચયના કામોને અગ્રતા આપવા કલેક્ટરનું આહ્વાન

## શાળાઓમાં વૉટર હાર્વેસ્ટીંગ પ્રોજેક્ટ માટે એ.ટી.વી.ટી.ની જોગવાઈઓને આધીન રહી આગળ વધવા તંત્રને જણાવતા સતીષભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં જળ સંચયના કામોને અગ્રતા આપવા માટે જિલ્લા કલેક્ટર શ્રી સતીસ પટેલે આગ્રહ કરતાં અધિકારીઓને જણાવ્યું છે કે આ માટે એ.ટી.વી.ટી. સહિત યોજનામાં આયોજનો કરી અને દરખાસ્તો તૈયાર કરો.

જિલ્લા કલેક્ટરશ્રી પટેલે જણાવ્યું હતં કે જળસંચય એ સમયની માગં છે. તેમણે શાળાઓમાં જ વૉટર હાર્વેસ્ટીંગ પ્રોજેક્ટ એ.ટી.વી.ટી. હેઠળ હાથ ધરી શકાય છે કે કેમ ? તે અંગેની જોગવાઈઓ ચકાસી અને આગળ વધવા તેમજ જરૂર પડયે સરકારમાંથી મંજૂરી મેળવવા માટેની કાર્યવાહી કરવાના નિર્દેશ પણ આપ્યા હતા.

શાળા પ્રવેશોત્સવ અને અન્ય સરકારી કાર્યક્રમોની સફળતાને લઈ તેમણે તંત્રના અધિકારીઓની કામગીરીને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લો ઓવર એકસ્પોલોઈટેશન ઝોનમાં આવે છે ત્યારે આપણે જળસંચય માટે પણ ચિંતીત થવુ જરૂરી છે.

શ્રી પટેલે જણાવ્યું હતુ કે જળ એ જ જીવન છે તેવી વાતો આપણે પ્રજાને કરીએ છીએ. આપણે હવે તેના સંચય માટે લોક જાગૃતિની સાથે સાથે યોજનાકીય રીતે પણ આગળ વધીએ તે સમયની માંગ છે.

તેમણે વરસાદના વહી જતા પાણીનો સંગ્રહ થાય અને તેની સંગ્રહ ક્ષમતાનો લાભ જિલ્લાના વિકાસાને મળે તે જોવાની જવાબદારી તંત્રની છે.

શ્રી પટેલે જણાવ્યું હતું કે ખેત તલાવડી જેવી યોજનાઓનો પણ વધુ પ્રસાર થાય તે જરૂરી છે. તળાવો ઊંડા કરવાની કામગીરી પણ સમય-મર્યાદામાં જ પૂર્ણ થાય તે પણ જોવુ પડશે. તેમણે ખેત તલાવડી પ્રોજેક્ટસ માટે ફાર્મર્સ ક્લબોની સમયાંતરે બેઠકો યોજાય અને સરકારની યોજનાઓની જાણકારી પણ લોકો સુધી પહોંચે તે માટે તંત્રની સક્રિયતા પણ એટલી જ જરૂરી છે.

**જાહેર નિવિદા**

આથી રસ ધરાવતા મજુર, કોન્ટ્રાક્ટર, મટીરીયલ સપ્લાયરને જણાવવાનું કે, ફોરેસ્ટ તાલીમ હોસ્ટેલ તથા કોન્ફરન્સ હૉલ, ગાર્ડન, કેમ્પસમાં વિવધ જાળવણીના તથા નવા કામોમાં બીલ્ડીંગ મટીરીયલ્સ, મજુરી, ગાર્ડન જાળવણી, પ્લમ્બીંગ મજુરી / મટીરીયલ્સ, ઈલેક્ટ્રીફિકેશન મટીરીયલ્સ / મજુરી, સુથારી કામ મટીરીયલ્સ / મજુરી, લુહારીકામ મટીરીયલ્સ / મજુરી, સફાઈ કામગીરી, લોન્ડ્રી કામગીરી, કેટરીંગ, પોસ્ટર્સ, ટ્રેનીંગ મટીરીયલ્સ, વાહન જાળવણી અને અન્ય કામગીરી માટે વખતો - વખત હોસ્ટેલ, કોન્ફરન્સ હોલ અને રેન્જ ઓફીસના નોટીસ બોર્ડ પર કામગીરીની મજુરી / મટીરીયલ્સ માટેની જરૂરીયાત અંગેની જાહેરાત મુકવામાં આવશે. ઉપરોક્ત કામમાં રસ ધરાવતા ઈસમોએ નોટીસ બોર્ડ જોઈ કામગીરી પ્રમાણે ભાવો ભરવાના રહેશે. વધુ જાણકારી માટે નીચે સહી કરનારનો ફોન નં. ૨૩૨ ૫૬૯૨૯ ઉપર સંપર્ક થવા સાધી શકાશે.

| | | |
|---|---|---|
| સહી/- | સહી/- | સહી/- |
| પરિક્ષેત્ર વન અધિકારી | પરિક્ષેત્ર વન અધિકારી | પરિક્ષેત્ર વન અધિકારી |
| તાલીમ રેન્જ | વન્યજીવ તાલીમ રેન્જ | પ્રસારણ રેન્જ |
| ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર |

માહિતી/૭૪૮/૨૦૧૬-૧૭